# પ્રસાર ભારતી

# પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ

તારીખ : 10-07-2024 સવારે : 7.10 થી 7.20

- ✓ રાષ્ટ્રીય મત્સ્ય ખેડૂત દિવસ અંતર્ગત આજે આણંદ ખાતે યોજાનારા કાર્યક્રમમાં મુખ્યમંત્રી હાજરી આપશે
- ✓ સચિનના પાલી વિસ્તારમાં ધરાશયી થયેલી ઇમારત બનાવનારા કોન્ટ્રાક્ટરની ધરપકડ...
- ✓ ડિગ્રી ઇજનેરી શાખામાં પ્રવેશનો નવો કાર્યક્રમ જાહેર .. બાકી રહેલા ઉમેદવારો 29મી જુલાઇ સુધી ઓનલાઇન રજિસ્ટ્રેશન કરી શકશે
- ✓ આગામી પાંચ દિવસ દરમિયાન રાજ્યમાં ભારેથી અતિભારે વરસાદની હવામાન વિભાગની આગાહી - કોઇપણ સ્થિતિને પહોંચી વળવા માટેની તૈયારીઓની વેધર વોચ ગ્રૂપની બેઠકમાં સમીક્ષા કરાઇ
- ✓ ઇન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ આઈસીસીએ રાજ્યના જસપ્રીત બુમરાહને જૂન 2024 મહિના માટે આઈસીસી મેન્સ પ્લેયર ઓફ મન્થ જાહેર કર્યા.

## National Fish Farmers Day

આજે રાષ્ટ્રીય મત્સ્ય ખેડૂત દિવસનાં રોજ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ આણંદ ખાતે અને 11મી જૂલાઈના રોજ ઉકાઈ ખાતે કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમોમાં ગુજરાત સરકારની વિવિધ યોજનાઓ તેમજ મત્સ્યોદ્યોગ ક્ષેત્ર સાથે સંબંધિત આધુનિક ટેક્નોલોજી અંગે માછીમારોને જાણકારી આપવામાં આવશે.

પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના હેઠળ વર્ષ 2023-24માં ગુજરાતના ₹61 કરોડથી વધુના પ્રોજેક્ટ્સને મંજૂરી આપવામાં આવી છે. દરિયાઈ માછલીના

ઉત્પાદનમાં ગુજરાત દેશમાં બીજા સ્થાને અને અન્ય તમામ પ્રકારના માધ્યમથી થતા કુલ મત્સ્ય ઉત્પાદનમાં  પાંચમા સ્થાન પર છે.  છેલ્લા 4 વર્ષમાં ગુજરાતમાં સરેરાશ વાર્ષિક 8 લાખથી વધુ મૅટ્રિક ટન મત્સ્ય ઉત્પાદન થયું છે.

જળચર ઉછેરના વ્યવસાય સાથે સંકળાયેલી દરેક વ્યક્તિને સહકાર અને સહયોગ પ્રદર્શિત કરવા માટે ભારતમાં દર વર્ષે 10 જૂલાઈના રોજ ઉજવણી કરવામાં આવે છે.

.................

## SURAT ARRAST

સુરતમાં  પાલી ગામમાં ઈમારત ધરાશાયી થવાની ઘટનામાં વધુ એક ધરપકડ કરવામા આવી છે..સુરત પોલીસે ઈમારતનું બાંધકામ કરનાર કોન્ટ્રાક્ટરની ધરપકડ કરી છે.. સચિન પોલીસ દ્વારા આ કોન્ટ્રાક્ટરની ધરપકડ કરવામાં આવી છે.. આ ઇમારત પંકજ ડુંગરાણીએ બનાવી હોવાની માહિતી પોલીસ તપાસમાં બહાર આવ હતી..અગાઉ જે આરોપીઓ ઝડપાયા હતા તેની પૂછપરછમાં કોન્ટ્રાક્ટરનું નામ બહાર આવ્યું હતું.. સુરતના સચીનના પાલી ગામની ઈમારત પડવાની ઘટનામાં સાત લોકોના મોત થયા હતાં

આ ઇમારત  8 વર્ષ પહેલાં 23 લાખમાં બનાવાયું હતું. જે તે વખતે સિવિલ કોન્ટ્રાકટરે નિયમ મુજબ બાંધકામ કર્યું ન હતું.

.................

## Pravesh Karyakram

ડિગ્રી ઇજનેરીમાં પ્રવેશ માટે નવો પ્રવેશ કાર્યક્રમ જાહેર કરાયો. હવે 29મી જુલાઈ સુધી રજિસ્ટ્રેશન કરાવી શકાશે.

ઉલ્લેખનીય છે કે, ડિગ્રી ઇજનેરીમાં પ્રવેશ માટે પહેલો રાઉન્ડ પૂર્ણ થયા બાદ પૂરક પરીક્ષામાં પાસ થયેલા તથા અગાઉ રજિસ્ટ્રેશન ન કરાવ્યું હોય તેવા બાકી રહેલા વિદ્યાર્થીઓને તક આપવા નવો પ્રવેશ કાર્યક્રમ જાહેર કરાયો છે.

જે અનુસાર આવા વિદ્યાર્થીઓ 29 જુલાઈ સુદી ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવી શકશે. 5 ઓગસ્ટે મેરીટ લિસ્ટ જાહેર થશે. 12 ઓગસ્ટે બીજા રાઉન્ડમાં કોલેજની ફાળવણી કરાશે.

.................

## STATE RAIN

હવામાન વિભાગે આગામી પાંચ દિવસ દરમિયાન રાજ્યમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે.

આજના દિવસ દરમિયાન રાજ્યના ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, સાબરકાંઠા , મધ્ય ગુજરાતના આણંદ , વડોદરા અને છોટાઉદેપુરમાં તેમજ સૌરાષ્ટ્રના સુરેન્દ્રનગર , અમરેલી સહિતના વિસ્તારમાં ઓરેંજ એલર્ટ જાહેર કર્યુ છે. આ ઉપરાંત અગિયાર તારીખથી લઇને 14મી જુલાઇ સુધી અન્ય વિસ્તારમાં વરસાદનું યલો એલર્ટ જાહેર કરાયું છે. જ્યારે સમગ્ર રાજ્યમાં ચોમાસુ જામી રહ્યું છે.. રાજ્યમાં ગઇકાલે સવારના છ વાગ્યાથી રાત્રીના આઠ વાગ્યા સુધીમાં 138 તાલુકાઓમાં ભારેથી મધ્યમ અને હળવો વરસાદ નોંધાયો હતો.. દિવસ દરમિયાન રાજકોટના લોધિકામાં સવા પાંચ ઇચ વરસાદ જ્યારે ગીર સોમનાથના પાટણ-વેરાવળમાં સાડા ચારઇંચ કરતાં વધુ વરસાદ નોંધાયો હતો..... બનાસકાંઠાના ભાંભરમાં ચાર ઇંચ જેટલો વરસાદ એક જ દિવસમાં ખાબક્યો હોવાના અહેવાલ સાંપડી રહ્યાં છે..

.................

## AMRELI RESCUE

અમરેલી જિલ્લામાં ગઈ કાલે ભારે  વરસાદ પડતાં કેટલાક ગામો પાણી પાણી થઈ ગયા હતા..વડીયાના લુણીધાર,જીથુડી,દેવગામમાં મૂશળધાર વરસાદ પડતા પાણીના ધસમસતા પ્રવાહ ગામમાં અને નદીઓમાં કોઝવે પર પાણી વહેતા થયા હતા.. જેમાં જીથુડી ગામમાં કાર અને બાઇક પાણીના પ્રવાહમાં ફસાય જવાના કારણે સ્થાનિક લોકો મદદ માટે દોડી આવ્યા હતા. જીથુડી ગામની નદીમાં ઘોડાપૂરની સ્થિતિ સર્જાઈ છે. કુંકાવાવના બાદલપુર, ઇશ્વરીયા, સનાળા, બાંભણીયા, વાવડી રોડ, ભાયાવદર, લાખાપદારમાં મુશળધાર વરસાદ ખાબક્યો હતો.

લાઠી શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં મુશળધાર વરસાદ ખાબકતા નદી અને નાળાઓમાં ધસમસતો પ્રવાહ જોવા મળ્યો હતો ઉપરાંત લાઠીના ગાગડીયો નદી ઉપરનો ચેકડેમ ઓવરફ્લો થતા પાણી નીચાણ વાળા વિસ્તારમાં પાણી ફરી વળ્યાં હતા

.................

## WEATHER WATCH GROUP

રાહત કમિશનર જેનું દેવનના અધ્યક્ષસ્થાને વેધર વોચ ગ્રુપની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં આગામી સમયમાં ભારે વરસાદની આગાહીને ધ્યાને લઈને લાઈન વિભાગોના નોડલ અધિકારીઓ સાથે મુદ્દાવાર ચર્ચા કરવામાં આવી હતી.

બેઠકમાં IMD ના અધિકારી દ્વારા વરસાદની સ્થિતિ અંગે માહિતી આપવામાં આવી હતી તથા આગામી તા.૧૪ જુલાઈ, ૨૦૨૪ સુધી રાજ્યમાં ભારે વરસાદની આગાહી અંગે ચર્ચા કરવામાં આવી હતી.

રાજયમાં ભારે વરસાદની ચેતવણીના ભાગ રૂપે એન.ડી.આર.એફ., એસ.ડી.આર.એફ.ની ટીમોનું જિલ્લાઓ ખાતે ટીમોને તૈનાત કરવામાં આવેલ છે.

આરોગ્ય વિભાગ સાથે ઋતુ જન્ય રોગચાળાની સ્થિતિને લઇ ચર્ચા કરવામાં આવી હતી અને શહેરી વિકાસ વિભાગ અને પાણી પુરવઠા વિભાગ સાથે જરૂરી સંકલનમાં રહી ક્લોરીનેશન અને સફાઇની યોગ્ય કામગીરી કરવા રાહત કમિશનરે સૂચના આપી હતી.

રાહત કમિશનરશ્રી દ્વારા બેઠકમાં હાજર રહેલ તમામ નોડલ અધિકારીશ્રીઓને માર્ગદર્શન તથા જરૂરી સૂચનાઓ પાઠવવામાં આવી તથા સંભવિત ભારે વરસાદની પરિસ્થિતિને પહોંચી વળવા તમામ સંલગ્ન વિભાગના નોડલ અધિકારીઓને એલર્ટ રહેવા જણાવ્યું હતું.

.................

## MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

..................

## ICC _ BUMRAH

આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ – ICCએ અમદાવાદના જસપ્રીત બુમરાહને વર્ષ 2024ના જૂન મહિના માટે ICC મેન્સ પ્લેયર ઑફ ધ મંથ જાહેર કર્યા છે.

જસપ્રીત બુમરાહે ટવેન્ટી ટ્વેન્ટી વિશ્વકપમાં શાનદાર પ્રદર્શન કરતા 8 મેચમાં 15 વિકેટ ઝડપી હતી. તેમને પ્લેયર ઑફ ધી ટુર્નામેંન્ટ પણ જાહેર કરાયા હતા.

..................

## Bethak

ભારતમાલા પ્રોજેક્ટ તર્ગત ગઇકાલે ગાંધીનગર જિલ્લા વહીવટીતંત્ર અને ખેડૂતો વચ્ચે એક બેઠક યોજાઈ હતી.

ભારતમાલા પ્રોજેક્ટને લઈને ગાંધીનગર જિલ્લાના ખેડૂતોના પ્રશ્નો અંગે વિચાર-વિમર્શ કરી તેનો ઉકેલ લાવવા આ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ખેડૂતોએ જમીન સંપાદન, વળતર, બોર, વીજલાઈન વળતર જેવા પ્રશ્નો રજૂ કર્યા હતા. વહીવટીતંત્ર દ્વારા તેમના પ્રશ્નોના સકારાત્મક ઉકેલની ખાતરી અપાઈ હતી.

..................

## Seminar

ઓવરસીઝ એમ્પ્લોયમેન્ટ અને અનુબંધમ પોર્ટલ – અંતર્ગત ITI ગોધરા ખાતે એક માર્ગદર્શન સેમિનાર યોજાઈ ગયો.

આ સેમિનારમાં તાલીમાર્થીઓને અલગ અલગ દેશમાં જતા પહેલા આપવામાં આવતી પરીક્ષા, રોજગારી માટે વિદેશ જવા માટેની પદ્ધતિ, પાસપોર્ટ એપ્લીકેશન , વિઝા કાર્યવાહી વગેરે અંગે પદ્ધતિસરની માહિતી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

..................

## Bike Rally

રાષ્ટ્રપતિના હસ્તે શોર્ય ચંદ્ર મેળવનાર તાપી જિલ્લાના જવાન મુકેશ ગામીતના સન્માનમાં વ્યારા ખાતે બાઈક રેલી યોજાઈ હતી.

અમારા તાપી જિલ્લાના પ્રતિનિધિ નિરવ કંસારા જણાવે છે કે, ડિસેમ્બર 2021માં શ્રીનગર ખાતે આતંકવાદીઓનો સામનો કરી એક આતંકવાદીને ઠાર કરવાની બહાદુરી દાખવવા બદલ વ્યારા તાલુકાના ચાંપાવાડી ગામના CRPF જવાન મુકેશ ગામીતને શોર્યચંદ્રકથી સન્માનિત કરાયા હતા.

ગઇકાલે તેમના સન્માનમાં વ્યારા ખાતે દેશભક્તિના ગીતો સાથે બાઈક રેલી યોજાઈ હતી. રેલી દરમિયાન ઠેરઠેર તેમનું સ્વાગત કરાયું હતું.

.................

## RAILWAY COACH

ગાંધીનગર-વારાણસી એક્સપ્રેસમાં 6 વધારાના કોચ ઉમેરવામાં આવશે.મુસાફરોની સુવિધાને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવેએ આ નિર્ણય કર્યો છે.. ગાંધીનગર કેપિટલ-વારાણસી-ગાંધીનગર કેપિટલ સાપ્તાહિક એક્સપ્રેસ ટ્રેનમાં કાયમી ધોરણે 6 વધારાના કોચ ઉમેરવામાં આવશે.

જેમાં વારાણસી-ગાંધીનગર કેપિટલ સાપ્તાહિક એક્સપ્રેસ ટ્રેનમાં એક થર્ડ એસી, બે થર્ડ એસી ઈકોનોમી, બે સ્લીપર અને એક જનરલ ક્લાસ ના કોચ 11 જુલાઈ 2024થી ગાંધીનગરથી અને 10 જુલાઈ 2024થી વારાણસીથી ઉમેરવામાં આવશે.

.................

## AMC DRIVE

અમદાવાદ મહાનગર પાલિકા દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક અને ગંદકી કરનારા તત્વો સામે અભિયાન આદરવામાં આવ્યું છે. જે અંતર્ગત ગઇકાલે કેટલાંક સ્થળોએ તપાસની કામગીરી કરવામાં આવી હતી.. દક્ષિણ ઝોન સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગે પ્લાસ્ટિકનું ઉત્પાદન કરતાં એકમો પર તપાસ કરવામાં આવી હતી..આ તપાસ દરમિયાન પચાસ ટન પ્રતિબંધિત પ્લાસ્ટિક અને પેપર કપ જપ્ત કરવામાં આવ્યાં હતા.

અમદાવાદ મહાનગર પાલિકા દ્વારા જણાવવામાં આવ્યું હતું કે પાન મસાલા ખાઇનને ગંદકી કરતાં તત્વો સામે કડક હાથે કામગીરી કરવામાં આવી રહી છે. ગઇકાલે દિવસ દરમિયાન 41 જેટલા કેસ કરીને ત્રણ હજાર સાતસો પચાસ જેટલા રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો હતો..જેમાં સત્તર જેટલા  સૌથી વધુ કેસ દક્ષિણ ઝોનમાં કરવામા આવ્યાં હતાં...

અમદાવાદ શહેરને લીલુછમ શહેર બનાવવા માટે મહાનગર પાલિકા દ્વારા મિશન ટીએમ  ટ્રીઝ ચાલી રહ્યું છે.. જે અંતર્ગત ગઇકાલના દિવસ દરમિયાન શહેરમાં વિવિધ સ્થળોએ વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. ધારાસભ્યો ,મનપાની વિવિધ સમિતિઓના અધ્યક્ષો સહિતના પદાધિકારીઓ અને અધિકારીઓ દ્વારા દિવસ દરમિયાન 40 હજાર 353 રોપાઓનું રોપણ કરાયું હતું.. જ્યારે શહેરમાં મિશન ટીએમ ટ્રીઝ અભિયાન અંતર્ગત આઠ લાખ 25 હજાર 626 રોપાઓનું વાવેતર કરાયું હતું..

.................